ભાવનગર મહાનગરપાલિકા,
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર.

એસેસમેન્ટ સેલ
જા.નં. ૧૧૭૦
૦૭/૦૧/૨૫

એસેસમેન્ટ વિભાગ,
તા.૦૭-૦૧-૨૦૨૫

## પ્રેસ નોટ

## ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઘરવેરાના વોર્ડ નં.૦૫ (દ.કૃષ્ણનગર) માં સમાવિષ્ટ મિલ્કતોની મિલ્કત વેરા ફેર-આકારણી સંદર્ભેની રી-સર્વેની કામગીરી શરૂ કરવા બાબત

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા 'ઘરવેરાના વોર્ડ નં.૦૫- દ.કૃષ્ણનગર' નાં વિવિધ વિસ્તાર જેવા કે ડૉન ચોક, ડાયમંડ ચોક, મહિલા કોલેજ સર્કલ, ભગવાનેશ્વર મહાદેવ, સુભાષનગર સ્મશાન આગળનો વિસ્તાર, તિલકનગર, તિલકનગર કંસારા નાળા કાંઠા વિસ્તાર, દિપક ચોક, બોરડી ગેટ, આંબાવાડી, પટેલ પાર્ક, ઘોઘાસર્કલ થી મેઘાણી સર્કલ, સેનેટોરિયમ રોડ, ડેરી રોડ, છાપરૂ હોલ, વિગેરેનાં આસપાસના વિસ્તારોમાં સમાવિષ્ટ તમામ મિલ્કતોની ધ જી.પી.એમ.સી. એક્ટની અનુસુચિ ક, પ્રકરણ-૮ની કલમ-૮(૪) તથા ૨૧(૨) અન્વયે કરવાની થતી મિલ્કત વેરા ફેર-આકારણી સબબ ઘરવેરાની કાર્પેટ એરિયા કરપધ્ધતી અનુસારની જી.આઇ.એસ. બેઝડ રી-સર્વેની કામગીરી મહાનગરપાલિકાનાં એસેસમેન્ટ વિભાગની સર્વે ટીમો દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા તેની તમામ સર્વે ટીમોને ઓળખપત્ર આપવામાં આવેલ છે. ઉક્ત આકારણીની કામગીરી હેતુ સર્વે ટીમોને દરેક મિલ્કતની અંદર પ્રવેશ કરી માપણી/આકરણી સંબધિત જરૂરી કાર્યવાહી કરવા દેવા તથા મિલ્કતના જરૂરી આધારો જેવા કે માલિકી આધાર, મિલ્કત વેરાની પહોંચ / બિલ, અગાઉના પીળા સર્વે ફોર્મની નકલ, લાઇટ બિલ, ફોટો આઇ.ડી. પ્રુફ, મંજુર થયેલ બિલ્ડિંગ પ્લાન, રજા ચિઠ્ઠી તથા કમ્પ્લીશન સર્ટીફિકેટ વગેરે પૈકી જે આધારો ઉપલબ્ધ હોય તે સર્વે ટીમોને બતાવવા માટે સ્થળ પર હાજર રાખવા તથા સર્વે ટીમોને માપણી / આકરણી માટે જરૂરી સહકાર આપવા ઘોઘા સર્કલ વોર્ડ-વિસ્તારનાં તમામ મિલ્કતધારકોને આથી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

એસેસમેન્ટ ઓફિસર,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર.

.................................................................................................

પ્રતિ,
તંત્રીશ્રી,
.................................,
.................................,

સવિનય આપના બહોળા પ્રસિધ્ધી ધરાવતાં સ્થાનિક દૈનિક વર્તમાન પત્રમાં ઉક્ત જાહેર નિવિદા લોક-હિતાર્થે વિનામુલ્યે પસિધ્ધ કરાવી આપવા સંબધે ઘટતું કરવા વિનંતી છે.

જન સંપર્ક અધિકારી,
ભાવનગર મહાનગરપાલિકા,
ભાવનગર.